
# પ્રકરણ - ૨૦ પેઢુમાં દુઃખાવો




**વિષયસૂચિ :**

**૧.૦ પેઢુમાં એકાએક ખૂબ દુઃખાવો**
**૨.૦ પેઢુમાં દુઃખાવાના પ્રકાર**
૨.૧ માસિક દરમ્યાન કે માસિક ચક્રમાં વચ્ચે
૨.૨ બાળજન્મ, ગર્ભપાત કે કસુવાવડ પછી
૨.૩ તાવ સાથે દુઃખાવો
૨.૪ ઝાડા સાથે દુઃખાવો
૨.૫ સગર્ભાવસ્થા સાથે દુઃખાવો
૨.૬ વારંવાર પેસાબ સાથે દુઃખાવો
૨.૭ યોનિમાર્ગમાં પ્રવાહી કે લોહી વહેવું
૨.૮ શરીરસંબંધ વખતે દુઃખાવો
૨.૯ ચાલતાં, ફરતાં - હરતાં, વસ્તુ ઉચકતા દુઃખાવો
૨.૧૦ માસિકચક્ર દરમિયાન થોડા કલાક માટે થતો દુઃખાવો
૨.૧૧ કોપર ટી નાંખ્યાને ત્રણ માસમાં દુઃખાવો
૨.૧૨ કોઈપણ આવા લક્ષણો વગર
**૩.૦ પેઢુમાં દુઃખાવા અંગે બીજા પ્રશ્નો**

ઘણા લોકો એવું માને છે કે સ્ત્રીઓને પેઢુમાં દુઃખાવો તો થાય જ ને ! એ જ્યાં સુધી હરીફરી શકે છે ત્યાં સુધી તેની સારવાર કરવાની જરૂર નથી. પણ ઘણીવાર, આટલી બધી રાહ જોવાથી સ્ત્રીના શરીરને ઘણું નુકસાન થાય છે. જેમ કે વ્યંધત્વ, ચેપ, ગર્ભપાત અને મરણ પણ થઇ શકે. માટે રાહ ના જોશો તરત જ સારવાર કરાવો.

પેઢુમાં દુઃખાવો તે સ્ત્રીજીવનનું સામાન્ય પાસુ નથી. તમને દુખાવો હોય તો તરત સારવાર લો.

આ પ્રકરણમાં ડુંટી નીચે પેઢુમાં થતા જુદા જુદા દુઃખાવા વિશે આપેલું છે. જો તમને પેઢુમાંથી શરૂ થતો દુઃખાવો ડુંટીની ઉપર કે પાછળ કમરના ભાગ સુધી ફેલાતો હોય તો પણ તરત જ તબીબી સારવાર લો.

## ૧.૦ પેઢુમાં એકાએક થતો તીવ્ર દુઃખાવો

પેઢુમાં અચાનક તીવ્ર દુઃખાવો થાય તો તાત્કાલિક તબીબી સારવારની જરૂર પડે છે. તેઓ તમારા પેટની, પેઢુની અને જરૂર પડયે યોનિમાર્ગથી અંદરની તપાસ કરી યોગ્ય સારવાર આપશે. પેઢુમાં દુઃખાવોમાં નીચે જણાવેલા લક્ષણો હોઇ શકે.

પેઢુમાં દુઃખાવાની ગંભીર નિશાનીઓ

* એકાએક તીવ્ર દુઃખાવો
* ઉબકા અને ઉલટીઓ થાય
* પેટ ફૂલી જાય, કેટલીકવાર લાકડા જેવું સખત જણાય.
* પેટ ઉપર કાન લગાવવાથી કોઇ પણ પ્રકારના અવાજ ના સંભળાય.



જો આવી નિશાનીઓ/લક્ષણો આવે તો તરત જ હોસ્પિટલમાં જવું જોઇએ.




પેઢુમાં સ્ત્રીના પ્રજનન અંગો આવેલા છે. તેની સાથે બીજા પણ ઘણા અવયવો હોય છે. જેમ કે, મૂત્રતંત્રના અવયવો આંતરડા વગેરે... છતાં જ્યારે જ્યારે સ્ત્રીઓને પેઢુમાં દુઃખાવો થાય ત્યારે પહેલાં પ્રજનનમાર્ગની કોઇ તકલીફ છે કે નહિ તેનો વિચાર કરવામાં આવે છે. અહીં આપેલા કોઠામાંથી તમને ખ્યાલ આવશે કે વિવિધ પ્રકારના દુઃખાવાનું કારણ શું હોઇ શકે અને તે અંગે તમારે શું કરવું જોઇએ.

## ૨.૦ પેઢુમાં દુઃખાવાના પ્રકાર :

પ્રજનનમાર્ગ સાથે સંકળાયેલા કેટલીક પ્રકારના દુઃખાવાની અહીં વિગતો આપીએ છીએ.

### ૨.૧ માસિક દરમિયાન કે માસિક ચક્રમાં વચ્ચે થતો દુઃખાવો

| દુઃખાવાનો પ્રકાર | તેનું કારણ | શું કરશો | જુઓ પ્રકરણ |
|---|---|---|---|
| ૧. જ્યારે માસિક ચાલુ હોય કે માસિક આવ્યા ને મહિના ઉપર સમય થઇ ગયો હોય ત્યારે તીવ્ર અસામાન્ય દુઃખાવો | બીજનળીમાં ગર્ભ રહ્યો છે.  | કટોકટી છે તરત જ મોટી હોસ્પિટલમાં જ જાઓ. | સગર્ભાવસ્થા અને પ્રસૂતિ પ્રક.-૬ |
| ૨. માસિક દરમ્યાન કાયમી દુઃખાવો | ગર્ભાશયમાં ગાંઠ ફાઇબ્રોઇડ હોઇ શકે છે.  | ''માસિક વખતે દુઃખાવો'' અને ''ગર્ભાશયના પ્રશ્નો'' વિભાગ જુઓ. દુઃખાવો દૂર કરતી દવા લો. | આપણાં શરીરને જાણીએ-સમજીએ. પ્રક.-૪ |
| ૩. માસિક વખતે જોરથી દુઃખવું (ચૂક મારવી) | માસિક આવતી વખતે થતો સામાન્ય દુઃખાવો છે જે કોપર ટી પહેરેલી હોય તો વધુ થાય | જુઓ ''માસિક સાથે દુઃખાવો'' | '' |
| ૪. માસિક મોડું આવ્યું છે. | કસુવાવડ  | દુઃખાવો અસહ્ય થાય તો દવાખાને જાઓ. | ગર્ભપાત અને કસુવાવડ |

## ૨.૨ બાળજન્મ, ગર્ભપાત કે કસુવાવડ પછી થતો દુઃખાવો

| દુઃખાવાનો પ્રકાર | તેનું કારણ | શું કરશો | જુઓ પ્રકરણ |
|---|---|---|---|
| બાળજન્મ, કસુવાવડ કે ગર્ભપાત પછી દુઃખાવો | કદાચ ગર્ભાશયમાં રહી ગયેલા ગર્ભના ટૂકડાને લીધે દુઃખે છે અથવા તો ગર્ભમાં લાગેલા જીવાણુનો ચેપ થઇ ગયો છે. | જુઓ ''ગર્ભાશયમાં ચેપ'' અને ''ગર્ભપાત પછીનો ચેપ'' | ગર્ભપાત અને કસુવાવડ |


## ૨.૩ તાવ સાથે દુઃખાવો

| | | | |
|---|---|---|---|
| તાવ સાથે ખુબ દુઃખાવો<br>- જાતીય રોગ સાથે કે તે પછી થતો પેઢાનો ચેપ | પેઢામાં બીજો ચેપ કે પેઢામાં ચેપનું ગૂમડું.  |  | પ્રજનન-તંત્રના અંગ |
| - પેઢામાં એક બાજુએ તીવ્ર દુઃખાવો, સાથે તાવ, ઉલ્ટીઓ ઉબકા અને ખાવાનું મન નથી. | એપેન્ડીક્ષ કે આંતરડામાં ચેપ હોઇ શકે<br>મૂત્રપિંડનો ચેપ હોય. | કટોકટી છે ! તરત હોસ્પિટલ જ જાઓ. | ''મૂત્ર માર્ગનો ચેપ'' પ્રકરણ જુઓ |

## ૨.૪ ઝાડા સાથે દુઃખાવો

| | | | |
|---|---|---|---|
| ઝાડા સાથે દુઃખાવો | આંતરડાનો ચેપ જીવાણુ કે પરજીવી રોગાણુનો હોઇ શકે | ઝાડાની સારવાર લેવી. | – |

**૨.૫ સગર્ભાવસ્થા સાથે દુઃખાવો**

| દુઃખાવાનો પ્રકાર | તેનું કારણ | શું કરશો | જુઓ પ્રકરણ |
|---|---|---|---|
| સગર્ભાવસ્થાના પ્રથમ ત્રણ માસમાં દુઃખાવો અને વચ્ચે વચ્ચે લોહી પડે છે. | બીજનળીમાં ગર્ભ રહ્યો છે.  | કટોકટી છે, તરત હોસ્પિટલમાં જાઓ. | સગર્ભાવસ્થા |
| સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ માસમાં ખુબ દુઃખાવો સાથે લોહી પડે કે ના પડે. | ગર્ભાશયની દિવાલ પરથી શિશુ-ગર્ભ છૂટો પડી ગયો છે.  | કટોકટી છે ! તરત હોસ્પિટલમાં જાઓ.  | |
| સગર્ભાવસ્થામાં વચ્ચે વચ્ચે સાધારણ દુઃખાવો. | સામાન્ય છે. | કશું કરવાની જરૂર નથી. | |


**૨.૬ વારંવાર પેસાબ સાથે દુઃખાવો**

| | | | |
|---|---|---|---|
| દુઃખાવા સાથે વારંવાર પેસાબ કરવા જવું પડે.<br>દુઃખાવા સાથે પેસાબમાં લોહી આવે. | મૂત્રપિંડ કે મૂત્રમાર્ગનો ચેપ થયો છે.<br>મૂત્રપિંડમાં પથરી છે.  | તબીબી સારવાર જરૂર લેવી. | ''મૂત્ર માર્ગનો ચેપ'' |

**૨.૭ યોનિમાર્ગમાં પ્રવાહી કે લોહી વહેવું**

| | | | |
|---|---|---|---|
| દુઃખાવા સાથે યોનિમાંથી પ્રવાહી પડે કે સાધારણ લોહીવાળું પ્રવાહી પડે કોઇ વાર તાવ પણ આવે. | જાતીય રોગથી થતો પેઢાનો ચેપ હોઇ શકે કે બાળજન્મ/કસૂવાવડ/ગર્ભપાત પછીનો ચેપ થયો છે.  | આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો.<br>સારવારથી ફેર ના પડે તો સ્ત્રી રોગ નિષ્ણાતની મદદ જરૂર લેવી. | સગર્ભાવસ્થા અને પ્રસૂતિ પ્રક.-૬ |

## ૨.૮ શરીર સંબંધ વખતે દુઃખાવો

| દુઃખાવાનો પ્રકાર | તેનું કારણ | શું કરશો | જુઓ પ્રકરણ |
|---|---|---|---|
| શરીર સંબંધ (સંભોગ) વખતે દુઃખાવો | અગાઉ પેઢામાં ચેપ થયો હશે તે જગ્યાએ દુઃખાવો થાય છે અથવા હાલ ચેપ થયો છે ત્યાં દુઃખાવો છે. બીજાશય પર કોઇ પાણી ભરેલી કોથળી જેવું થયું છે. ગર્ભાશયમાં ગઠ્ઠા  | ''પેઢામાં ચેપ'' વિભાગ જુઓ. ''બીજાશયની તકલીફો'' જુઓ. ''ગર્ભાશયની સમસ્યાઓ'' જુઓ. ''જો સંબંધ વખતે દુઃખાવો થાય તો'' વિભાગ જુઓ. | પેઢામાં ચેપ આપણું શરીર જાણીએ-સમજીએ પ્રક.-૪ |


## ૨.૯ વજન ઉંચકતા દુઃખાવો

| | | | |
|---|---|---|---|
| હરતાં-ફરતાં-ચાલતાં કે વજન ઉચકતાં દુઃખાવો | પેઢામાં જૂનો ચેપ હોય અથવા બીજું કોઇ કારણ હોઇ શકે. | દુઃખાવાની દવા લો. | લીલા પાનામાં આપેલી દવાઓ વિશે વાંચો |

## ૨.૧૦ માસિકનો દુઃખાવો

| | | | |
|---|---|---|---|
| માસિક ચક્ર દરમિયાન થોડાક કલાકો માટે દુઃખાવો થાય. | પેઢાની આંતર ત્વચામાં બીજાશયમાંથી ઇંડુ છૂટું પડે છે ત્યારે થોડુંક સોરાય છે, ક્યારેક સાધારણ લોહી પણ નીકળે છે.  | દુઃખાવો સહન ના થાય તો ગોળી લઇ શકાય. | આપણાં શરીરને જાણીએ-સમજીએ |

## ૨.૧૧ ગર્ભનિરોધકથી દુ:ખાવો

| દુ:ખાવાનો પ્રકાર | તેનું કારણ | શું કરશો | જુઓ પ્રકરણ |
|---|---|---|---|
| ગર્ભાશયમાં ગર્ભનિરોધક મૂકયાના ત્રણ અઠવાડિયામાં દુ:ખાવો થાય. | કોપર ટી જેવું ગર્ભનિરોધક મૂકાવ્યા પછી ચેપ લાગવો.  | તબીબી સલાહ લો કે આરોગ્ય કાર્યકરને તરત મળો. સારવાર લેવાથી દુ:ખાવો ના મટે તો સાધન કઢાવી નાંખવું જોઇએ. | કુટુંબ નિયોજન ના સાધનો |

## ૨.૧૨ લક્ષણો વગર દુ:ખાવો

| | | | |
|---|---|---|---|
| આવા કોઇ પણ લક્ષણો વગરનો દુ:ખાવો | કેટલીકવાર પેઢામાં ચેપ હોવાથી મહિનાઓ સુધી દુ:ખાવો થયા જ કરે છે. જીવાણુ કે બીજા પરજીવીઓનો આંતરડામાં ચેપ. ગર્ભાશય કે બીજાશય પર ગાંઠ હોવાથી | સારી તબીબી સલાહ અને સારવાર લેવી | |



## ૩.૦ પેઢુમાં દુઃખાવા અંગે બીજા પ્રશ્નો

ઉપરના કોઠામાં જણાવેલ કોઇપણ પરિસ્થિતિ સાથે તમારા દુઃખાવાના ચિહ્નો મળતા ના આવતા હોય તો નીચેની બાબતોનો વિચાર કરો અને તબીબી સલાહ લો. દુઃખાવો કેવો છે ? તીવ્ર અને ખૂબ છે કે ધીમો ધીમો છે ? તે થાય ને મટે છે કે સતત રહે છે ?

* જો દુઃખાવો થાય અને જતો રહે તેવો હોય તો કદાચ મૂત્રપિંડમાં તકલીફ છે. જોરદાર, પેટ પકડી લેવું પડે તેવી ચૂંક મારે તો તે આંતરડાની તકલીફ સૂચવે છે.
* કોઇ એક જ જગ્યાએ તીવ્ર અને ખુબ દુઃખાવો એપેન્ડીક્ષનો કે બીજનલિકામાં રહેલ ગર્ભને લીધે છે.
* અચાનક તીવ્ર અને જોરદાર દુઃખાવો જે કોઇ રીતે મટતો જ ના હોય તે ગંભીર છે. બીજનલિકામાં ગર્ભ, એપેન્ડીક્ષ કે આંતરડામાં બીજા ચેપ હોઇ શકે. બીજાશય કે પેઢુનો ચેપ પણ હોઇ શકે.
* જો સામાન્ય દુઃખાવો ઘણા દિવસ હોય તો તે જૂના ચેપને લીધે પણ હોઇ શકે તબીબી તપાસ કરાવો.

દુઃખાવાની અસર ભૂખ ઉપર પણ જણાય છે ?

* જો ખાવાનું બિલ્કુલ મન ના થતું હોય તો કદાચ એપેન્ડીક્ષ કે આંતરડાનો ગંભીર પ્રકારનો દુઃખાવો છે.
* જો ખાવાથી કોઇ વાંધો ના આવતો હોય તો કદાચ બહુ ગંભીર નથી.




આજે જે સ્ત્રી દુઃખાવો લઇને હરેફરે છે. તે કાલે કદાચ મરણ પણ પામે. માટે બને તેટલી વહેલી સારવાર આપો.